પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૪૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૫-૦૬-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


# મોદી સરકાર આગામી દોઢ વર્ષમાં મિશન મોડ પર ૧૦ લાખ લોકોની ભરતી કરાશે

નવીદિલ્હી,

સરકારી નોકરીની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓને પીએમ મોદીએ મોટા ખુશખબર આપ્યા છે. પીએમ મોદીએ નિર્દેશ આપ્યા છે કે આગામી ૧.૫ વર્ષમાં મિશન મોડમાં ૧૦ લાખ લોકોની ભરતી કરવામાં આવશે. પ્રધાનમંત્રી કાર્યાલય તરફથી ટ્વીટ કરીને આ માહિતી આપવામાં આવી છે.

પ્રધાનમંત્રી કાર્યાલયના અધિકૃત ટ્વિટર હેન્ડલથી કરાયેલી ટ્વિટમાં જણાવાયું છે કે તમામ વિભાગો અને મંત્રાલયોમાં માનવ સંસાધનની સ્થિતિની સમીક્ષા કરી અને નિર્દેશ આપ્યા કે સરકાર દ્વારા આગમી ૧.૫ વર્ષમાં મિશન મોડમાં ૧૦ લાખ લોકોની ભરતી કરવામાં આવે. અત્રે જણાવવાનું કે બેરોજગારીના મુદ્દે મોદી સરકાર પર વિપક્ષ સતત આકરા પ્રહાર કરી રહ્યો છે.

કોંગ્રેસ અને અન્ય વિપક્ષી દળો આરોપ લગાવતા રહ્યા છે કે ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકારના કાર્યકાળમાં દેશમાં બેરોજગારી વધી છે. વિપક્ષ સતત સરકાર પર દબાણ પણ સર્જી રહ્યો છે. ચૂંટણીમાં પણ આ મુદ્દો ઉછળતો રહ્યો છે. બિહાર વિધાનસભા ચૂંટણીમાં આરજેડી નેતા તેજસ્વી યાદવે સરકારી નોકરીના વાયદા પર એનડીએ વિરુદ્ધ ચૂંટણી પ્રચાર કર્યો હતો અને નોકરી આપવાના વચન સાથે સારા પરિણામ લાવ્યા હતા.



આ અગાઉ પીએમ મોદીએ એપ્રિલમાં ટોચના સરકારી અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી અને તેમને વિવિધ સરકારી વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓને ભરવાની પ્રક્રિયાને પ્રાથમિકતા આપવા કહ્યું હતું જેથી કરીને રોજગારીની તકો ઉભી થાય. ફેબ્રુઆરીમાં રાજ્યસભામાં રજૂ કરાયેલા આંકડા મુજબ એક માર્ચ ૨૦૨૦ સુધીમાં કેન્દ્ર સરકારના વિભાગોમાં ૮૭ લાખ જેટલા પદ ખાલી હતા.

દરમિયાન દેશના રક્ષામંત્રી રાજનાથ સિંહે આજે સેનાના ત્રણેય પાંખના વડાઓ સાથે પત્રકાર પરિષદ યોજી. આ દરમિયાન તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર અગ્નિપથ યોજના લાવશે. રાજનાથ સિંહે જણાવ્યું કે અગ્નિપથ ભરતી યોજના હેઠળ સેનામાં ચાર વર્ષ માટે યુવાઓની ભરતી કરાશે. આ સાથે જ તેમને નોકરી છોડતી વખતે સેવા નિધિ પેકેજ પણ મળશે. આ યોજના હેઠળ સેનામાં સામેલ થનારા યુવાઓને અગ્નિવીર કહેવામાં આવશે.

રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ભારતીય સેનાઓને વિશ્વની શ્રેષ્ઠ સેનાઓ બનાવવા માટે આજે સુરક્ષા સંબંધિત કેબિનેટ કમિટીએ ઐતિહાસિક નિર્ણય લીધો છે. અમે અગ્નિપથ નામની એક યોજના લાવી રહ્યા છીએ જે આપણી સેનામાં પરિવર્તનકારી ફેરફાર લાવીને તેમને સંપૂર્ણ રીતે આધુનિક અને સુસજ્જિત બનાવશે. તેમણે કહ્યું કે અગ્નિપથ યોજનાથી રોજગારીની તકો વધશે. અગ્નિવીર સેવા દરમિયાન અર્જિત કૌશલ તથા અનુભવથી યુવાઓને વિભિન્ન ક્ષેત્રોમાં રોજગારી મળશે. તેનાથી અર્થવ્યવસ્થાને પણ ઉચ્ચ કુશળ કાર્યબળ ઉપલબ્ધ થશે. જે ઉત્પાદકતા લાભ અને જીડીપી વૃદ્ધિમાં મદદ કરશે.

રાજનાથ સિંહે વધુમાં કહ્યું કે અગ્નિવીરો માટે આ યોજનામાં પગારનું એક સારું પેકેજ, ૪ વર્ષની સેવા એક્ઝિટ પર સેવા નિધિ પેકેજ તથા એક લિબરલ ડેથ અને ડિસેબિલિટી પેકેજની પણ વ્યવસ્થા કરાઈ છે.

અગ્નિપથ યોજના હેઠળ ભરતી થવા માંગતા યુવાઓની ઉંમર ૧૭ વર્ષ ૬ મહિનાથી લઈને ૨૧ વર્ષ વચ્ચે હોવી જરૂરી છે. યુવાઓને ટ્રેનિંગ પીરિયડ સહિત કુલ ૪ વર્ષ માટે આર્મ્સ ફોર્સિસમાં સેવાની તક મળશે. ભરતી સેનાના નિર્ધારિત નિયમો મુજબ જ થશે.

સેનામાં પહેલા રિટાયરમેન્ટની ઉંમર લગભગ ૪૦ વર્ષ હતી પણ હવે નવા નિયમો મુજબ પહેલા ૪ વર્ષ માટે સૈનિકોની ભરતી કરાશે. કહેવાય છે કે હાલ સૈનિકોને ઓછું વેતન મળે છે પરંતુ નવા નિયમો મુજબ લગભગ ૩૦ હજાર જેટલો પગાર મળશે. EPF/ PPF ની સુવિધા સાથે અગ્નિવીરોને પહેલા વર્ષે ૪.૭૬ લાખ રૂપિયા મળશે. ચોથા વર્ષ સુધીમાં પગાર ૪૦ હજાર રૂપિયા એટલે કે વાર્ષિક ૬.૯૨ લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે.

એન્યુઅલ પેકેજ સાથે કેટલાક ભથ્થા પણ મળશે. જેમાં રિસ્ક એન્ડ હાર્ડશીપ, રાશન, ડ્રેસ અને ટ્રાવેલ અલાઉન્સ પણ સામેલ હશે. સેવા દરમિયાન ડિસેબલ થવા પર નોન સર્વિસ પીરિયડનો ફૂલ પે અને ઈન્ટ્રરેસ્ટ પણ મળશે. સેવા નીધિને આવકમાંથી છૂટ અપાશે. અગ્નિવીર ગ્રેજ્યુઈટી અને પેન્શન સંબંધિત લાભ માટે હકદાર નહીં ગણાય. અગ્નિવીરોને ભારતીય સશસ્ત્ર દળોમાં તેમની અવધી માટે ૪૮ લાખ રૂપિયાનો non-contributory જીવન વીમા કવર આપવામાં આવશે.

# ઉપરવાસમાંથી આવક થતા નર્મદા ડેમની સપાટી થઈ ૧૧૬ મીટરને પાર

નર્મદા,

રાજ્યમાં સત્તાવાર રીતે સોમવારે જ ચોમાસાનું આગમન થઈ ગયું છે. થોડા દિવસોથી પ્રી મોન્સૂનના ભાગરૂપે મોટાભાગના વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો હતો. ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી પાંચ દિવસ સુધી રાજ્યમાં ભારેથી સામાન્ય વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી છે. આ બધાની વચ્ચે એક રાહતરૂપ સમાચાર સામે આવી રહ્યા છે. હાલ સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી ૧૧૬.૪૬ મીટર છે. ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટરની છે. ઉપરવાસમાંથી ૩૩૨ ક્યૂમેક્સ પાણીની આવક થઈ છે.



મળતી માહિતી પ્રમાણે, સરદાર સરોવરમાં ૭૧૨ મિલિયન ક્યુબિક મીટર જેટલા પાણીનો સંગ્રહ છે. છેલ્લા ત્રણ વર્ષની સરખામણીમાં પાણીનો જથ્થો ઓછો છે પરંતુ આ સીઝનમાં ચાલે એટલું પાણી સરદાર સરોવરમાં રહેલું છે. જો આ સીઝનમાં ૧૩૫ મીટર ઉપર જશે તો રિવરબેડ પાવર હાઉસના તમામ ટર્બાઈનો ચાલુ કરીને વીજ ઉત્પાદન વધારે કરી દેવામાં આવી શકે છે. જેથી લોકોને આ વખતે પાણીની અછત નહીં પડે તેવી શક્યતા છે.

આ સાથે અન્ય એક રાહતના સમાચાર સામે આવી રહ્યા છે કે, રાજ્યમાં ૩૦ ડેમો એવા છે કે જે ૧૦૦ વર્ષ કરતાં પણ જૂના છે પરંતુ હજુ સુધી અડીખમ છે. લોકસભામાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયે રિપોર્ટ રજૂ કર્યો છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, ગુજરાતમાં નાનામોટા થઈને ૬૩૦ ડેમો છે. જેમાંથી ૩૦ ડેમ એવા છે જેને ૧૦૦ વર્ષથી વધારે પૂર્ણ થયા છે પરંતુ તે અત્યારે પણ મજબૂત અને સલામત છે. તેની પાછળનું કારણ છે કે, કેન્દ્રીય જળ આયોગ દ્વારા ડેમોની સારસંભાળ અને જાળવળી કરવામાં આવી રહી છે. આ સાથે દેશની વાત કરીએ તો દેશમાં ૨૨૭ ડેમ એવા છે કે જેમણે ૧૦૦ વર્ષ થયા છે.

ડેમોના પુનવર્સન અને સુધારણાના કામો માટે કેન્દ્ર સરકાર વિશ્વ બેક્રથી માંડીને અન્ય દેશો પાસેથી ફંડ મેળવે છે. આ સાથે કેન્દ્ર સરકારે ડેમો માટે સુધાર પરિયોજના પણ શરૂ કરી છે. આ કામના પહેલા તબક્કામાં સાત રાજ્યોના કુલ ૨૨૩ ડેમોની સમીક્ષા કરીને સુધારણાના કામો હાથ ધરાયા છે. હવે બીજા તબક્કો ૧૨ ઓક્ટોબર, ૨૦૨૧થી શરૂ થયો છે. ત્યારે આમાં ગુજરાત સહિત ૧૯ રાજ્યોના ૭૩૬ ડેમોના સુધારણાના કામો કરવામાં આવશે. આમાં ગુજરાતના સાત ડેમોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, આગામી ૨૪ કલાક રાજ્યમાં છૂટોછવાયો વરસાદ પડશે. આ દરમિયાન થન્ડરસ્ટોર્મ એક્ટિવિટી પણ જોવા મળશે. આ સાથે જ લોકોને ગરમીથી રાહત મળશે. ૧૭મી તારીખથી ફરીથી વરસાદનું જોર વધશે. આ ઉપરાંત આગામી ત્રણ દિવસ રાજ્યમાં વાદળછાયું વાતાવરણ બની રહેશે. હવામાન વિભાગનું એવું પણ કહેવું છે કે, આગામી ૪૮ કલાક સુધીમાં ચોમાસું આગળ વધી શકે છે. હવામાન વિભાગનું કહેવું છે કે આગામી પાંચ દિવસ સુધી રાજ્યના તમામ જિલ્લાઓમાં છૂટોછવાયો તે ક્યાંક ભારે વરસાદ પડી શકે છે.

# ઉત્તર ભારતના ઘણા રાજ્યોની માફક રાજસ્થાન પણ પેટ્રોલ ડીઝલની અછત સામે ઝઝૂમી રહ્યા છે

જયપુર,

ઉત્તર ભારતના ઘણા રાજ્યોની માફક રાજસ્થાન પણ પેટ્રોલ ડીઝલની અછત સામે ઝઝૂમી રહ્યા છે. ગત કેટલાક દિવસોથી બે ઓઈલ કંપનીઓ ભારત પેટ્રોલિયમ અને હિંદુસ્તાન પેટ્રોલિયમ માંગના અનુસાર પેટ્રોલ અને ડીઝલની આપૂર્તિ કરી રહી નથી. જેના લીધે રાજસ્થાનના સાડા છ હજાર પેટ્રોલ પંપની સાથે લગભગ બે હજાર પેટ્રોલ પંપ ડ્રાઈ થઈ ગયા છે. રાજસ્થાનનો કોઈ નાનકડો જિલ્લો એવો નથી જ્યાં પેટ્રોલ અને ડીઝલની સમસ્યા ન હોય. રાજધાની જયપુરમાં લગભગ સાડા છ વાગે પેટ્રોલ પંપ છે તેમાં સોમાંથી વધુ પર પેટ્રોલ અને ડીઝલ ઉપલબ્ધ ન હોવાના બોર્ડ લાગી ગયા છે. રાજસ્થાન પેટ્રોલ ડીલર એસોસિએશનના અધ્યક્ષ સુનીત બગઈએ જણાવ્યું હતું કે આ સમસ્યાનું પહેલું મોટું કારણ છે કે લગભગ બે અઠવાડિયાથી રિલાયન્સ અને એસ્સાર પેટ્રોલ પંપનું બંધ થવું. આ બંને કંપનીઓનું રાજસ્થાનમાં માર્કેટ શેર લગભગ ૧૫ ટકા છે અને જ્યારે તેમના પંપ બંધ થયા તો તેનો ભારત અન્ય કંપનીઓના પેટ્રોલ પંપ પર આવી ગયો.

બીજી કારણ એ છે કે ભારત અને હિંદુસ્તાન પેટ્રોલિયમ કંપની તરફથી સપ્લાય ઓછી કરવામાં આવે છે. બગઈના અનુસાર ફક્ત ઈન્ડીયન ઓઈલ કંપની રાજ્યની પુરી સપ્લાય આપી રહી છે. આ સંકટનું એક મોટું એ પણ જણાવવામાં આવે છે કે પેટ્રોલિયમ કંપનીઓને થઈ રહેલું નુકસાન વધી રહ્યું છે. અને તેના લીધે બે કંપની સપ્લાય ઓછી કરી રહી છે. જો આમ છે તો મોટો સવાલ એ છ કે ત્રણેય કંપની સરકારી છે તો એવામાં એક કંપની કેવી રીતે સપ્લાય કરી રહી છે. તાજેતરમાં રાજસ્થાનમાં આ સ્થિતિ છે તેમાં આગામી ત્રણ ચાર દિવસ સુધી સુધારો થવાના અણસાર નથી. તેના લીધે જો ઓઈલ કંપની આજથી પણ સપ્લાય વધારશે તો પણ સમગ્ર રાજ્યમાં સપ્લાય યોગ્ય રીતે થતાં બે ત્રણ દિવસમાં પહોંચી શકશે. આ સમસ્યાના લીધે સામાન્ય વ્યક્તિ તો પરેશાન છે જ સાથે ખેતી, ખેડૂત અને ઉદ્યોગ ધંધા પર તેની અસર પડી રહી છે. ઉદ્યોગોના ઉત્પાદન અને ખેડૂતોની વાવણીની સિઝનમાં ડીઝલની અછતનો સામનો કરવો પડી રહ્યો છે.



# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા


પંચમહાલ સમાચાર


## સંતરામપુર સબજેલની ક્ષમતા કરતાં કેદીઓની સંખ્યા વધારે


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર સબજેલમાં કાચા કામના કેદીઓને સંખ્યા ક્ષમતા કરતા વધારે સંતરામપુર સબજેલમાં મહિસાગર જિલ્લાની સંતરામપુર તાલુકામાં એકમાત્ર સભ્ય છે. લુણાવાડા ખાનપુર બાલાસિનોર કડાણા તમામ તાલુકાના કેદીઓને સંતરામપુર સબજેલમાં રાખવામાં આવે છે પરંતુ આ સબજેલમાં કાચા કામના મુકવાની મર્યાદા ૮૦ કેદીઓની મુકવાની નિયમ હોય છે પરંતુ છેલ્લા ત્રણ મહિનાથી અંદર કેદીઓની સંખ્યાનો સતત વધારો થઈ રહ્યો છે હાલની પરિસ્થિતિમાં ૧૫૭ કેદીઓને મૂકવામાં આવેલા છે જેમાં ૭ કોટડી બનાવવામાં આવેલી જગ્યામાં છ કોટડી પુરૂષો માટે અને એક કોટડી મહિલા માટે આ કોટડીમાં એક સાથે ૨૬ મહિલાઓને મૂકવામાં આવેલી છે નિયમ મુજબ આઠથી દસ મહિનાથી અંદર મૂકી શકાય નહીં આ રીતે જબરજસ્તી એકસાથે ૨૬ મહિલાઓને અંદર મૂકવાના કારણે અને હાલાકી અને મુશ્કેલીઓ વધી રહી છે ગરમીમાં બફારામાં એક જ કોટડીમાં મૂકીને મહિલાઓની તબિયત બગડી શકે છે એક હતી મહિલાને મહિલા બીમાર હોય તો બધી મહિલાઓ બીમાર થઈ શકે હાલમાં ધીરે ધીરે કોરોના ની કેશો વધી રહ્યા છે આવી પરિસ્થિતિમાં કોરોના કેસો વધવાની પણ શક્યતા જોવાઇ રહી છે જ્યારે છ કોટડીમાં પુરૂષોને મૂકવામાં આવે છે તેમને પણ આ જ રીતે બળજબરી ૨૦ ૨૫ ૩૦ જેટલા સંખ્યાઓમાં એક સાથે મૂકી દેવામાં આવે છે આવી ગંભીર પરિસ્થિતિ ઉભી થયેલી છે સમતા વગરના સબજેલમાં કેદીઓની સંખ્યામાં વધારો થવાથી મુશ્કેલીઓ વધી રહી છે કાચા કામના કેદીઓને હાલાકી પડવાના કારણે તંત્ર દ્વારા વિકલ વ્યવસ્થા કરવી જોઈએ નાછૂટકે આવી ગરમીમાં કેદીઓ મુશ્કેલી વધી રહેલા છ એક સાથે આટલા બધા સબ જેલની અંદર કેદીઓને રાખવામાં જોખમ છે.

## ચોમાસામાં પુરની પરિસ્થિતિને પહોચી વળવા હાડોડ ગામે મહીસાગર નદીના કીનારે પાણીમાં બચાવની કામગીરીનું કૌશલ્યનુ પ્રદર્શન કરવામાં આવ્યુ



લુણાવાડા, મહીસાગર જિલ્લામાં ભારે વરસાદને કારણે, વિસ્તાર ગંભીર પૂરથી પ્રભાવિત થયો હતો, અને સિંચાઈ વિભાગે કડાણા જળાશયમાંથી પાણી છોડ્યું હતું, જેના પરિણામે નજીકના હાડોદ પુલ પાસે મહી નદી નુ જળ સ્તર ખતરાની રેખાથી ઉપર ૧ મીટર સુધી વધી ગયેલ હતી. જેના કારણે મહી નદી પાસેના ગામડાઓમાં પૂર આવે છે. પૂરને કારણે નદી પાસેના ખેતરમાં ૮ થી ૧૦ વ્યક્તિઓ ફસાઈ ગયા હતા, અને બીજી ઘટના કે જેમાં મહી નદીમાં ૪ નાગરિકો સાથે નાગરિકોની હોડી પલટી ગઈ હતી તેઓનુ સફળતા પુર્વક રેસ્ક્યુ કરવામાં આવેલ. ચોમાસામાં પુરથી મહીસાગર જિલ્લાના નાગરીકોનો બચાવ તેમજ પુરની પરિસ્થિતિને પહોચી વળવા ગઉખઅની ગાઇડલાઇન અનુસાર ૦૬ NDRF ટીમ દ્વારા કમાન્ડન્ટ NDRF અને માન.કલેકટર સાહેબ મહીસાગરના માર્ગદર્શન હેઠળ કલેકટર કચેરી ખાતે તમામ લાઇન ડીપાર્ટમેન્ટ જેવા કે, મહેસુલ વિભાગ, પોલીસ ડીપાર્ટમેન્ટ, ફાયબ્રિગેડ લુણાવાડા નગરપાલીકા, આરોગ્ય વિભાગ, ૧૦૮ ઇમરજન્સી સેવા, સિંચાઇ વિભાગના, મુક્તજીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંસ્થાના અધિકારીઓની હાજરીમાં ટેબલટોપ એક્સરસાઇઝ કરવામાં આવેલ ત્યાર બાદ લુણાવાડા તાલુકાના મોજે.હાડોડ ગામે મહીસાગર નદીના કીનારે પુરની પરિસ્થિતિમાં કોઇ નાગરીક પણીમાં ફસાઇ જાય ત્યારે તેમના બચાવ માટે સ્થાનિક ટીમ, NDRF ટીમ બચાવના આધુનિક ઉપકરણો તથા ઘર વપરાશના સાઘનો દ્વારા ડુબતા વ્યકિતનો કઇ રીતે બચાવ કરવો તે માટે નદીના પાણીમાં બચાવની કામગીરીનુ કૌશલ્યનુ પ્રદર્શન કરવામાં આવ્યુ જેમાં જિલ્લાના વહીવટી તંત્ર તથા ડીઝાસ્ટર સંલગ્ન ખાતાના અધિકારીઓ હાજર રહયા હતા. સાથે સાથે જિલ્લામાં ઉપલબ્ધ તમામ બચાવ સામગ્રી જેવા કે ફાયર ફાઇટર, સેફટી બોટ, સેફટી જેકેટ તથા એમ્બુલન્સ સાથે મોક એક્સરસાઇઝ કરવામાં આવી. જે બાદ અધિકારીઓએ આવનાર ચોમાસા માટે વહીવટીતંત્ર સંપુર્ણ સજ્જ અને નાગરીકોને શ્રેષ્ઠ સગવડ ઉપલબ્ધ કરાવવાની પ્રતિબધ્ધતા વ્યકત કરી.

જિલ્લા ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા તમામ વિભાગ સાથે સંકલન કરી મોકડ્રીલને સફળ બનાવવામાં આવેલ હતી. આ મોકડ્રિલ મારફત તમામ વિભાગની કાર્યક્ષમતાની ચકાસણી કરવામાં આવેલ હતી. મોકડ્રીલના ડી-બ્રિફિંગ દરમ્યાન તમામ વિભાગો દ્વારા પરસ્પર ચર્ચા કરી કામગીરીમાં થતી ખામીઓની ઓળખ કરી તેને સુધારવા માટેના સુચનો પણ કરવામાં આવેલ હતા.

સાથે સાથે મુક્ત જીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એનજીઓ દ્વારા પણ મોક એક્સરસાઇઝ કરવામાં આવી હતી.

આ મોક એક્સરસાઇઝ દરમ્યાન એ.આઇ.સુથાર નિવાસી અધિક કલેકટર, આલોકસિંહ ગૌતમ SDM લુણાવાડા, રામેશ્વર યાદવ સેકન્ડ ઇન કમાંન્ડ ૦૬ NDRF, મહેન્દ્ર ઠાકરે PI ૦૬ NDRF, પી.એસ. વળવી, ડિ.વાય.એસ.પી મહીસાગર, મામલતદાર લુણાવાડા વગેરે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લુણાવાડા ખાતે ટુ વ્હિલર તથા ફોર વ્હિલર વાહનોના બાકી રહેલ ફેન્સી નંબરોની ઓનલાઇન હરાજી શરૂ કરવામાં આવશે

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં નવા રજીસ્ટર થતા ટુ વ્હિલર (મોટર સાઇકલ) અને ફોર વ્હિલર વાહનોના બાકી રહેલ ફેન્સી નંબરની ઓનલાઇન હરાજી શરૂ કરવામાં આવનાર છે. જેમાં ટુ વ્હીલરમાં જીજે ૩૫ જે, જીજે ૩૫ કે અને જીજે ૩૫ એલ તથા ફોર વ્હીલરમાં જીજે ૩૫ એચ અને જીજે ૩૫ એન સીરીઝ છે. જેમાં ૦૦૦૧ થી ૯૯૯૯ સુધીમાં બાકી રહેલ ગોલ્ડન તથા સીલ્વર (ફેન્સી) તેમજ પંસદગીના નંબરો મેળવવા માટેની ઓનલાનઇ અરજી તા.૨૦/૦૬/૨૦૨૨ થી તા.૨૨/૦૬/૨૦૨૨ દરમ્યાન કરી શકાશે. તથા તા.૨૬/૦૬/૨૦૨૨ થી ૨૪/૦૬/૨૦૨૨ દરમ્યાન ઓનલાઇન ઓકશન (હરાજી)માં ભાગ લઇ શકાશે. તો ઇચ્છા ધરાવનાર વાહન માલિકો તેમના નવા વાહનો માટે પસંદગીનો નંબર લેવા માગતા હોય તો ઓનલાઇન પ્રક્રિયા અરજદારે પોતે જ વેબસાઇટ https://vahan.parivahan.gov.in/fancy પર કરવાની થાય છે તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી લુણાવાડા-મહિસાગરની એક અખબારીયાદીમાં જણાવાયું છે.

## સંતરામપુરમાં ડીઝલની અછત ૧૦ જેટલા પેટ્રોલ પંપ ઉપર ડીઝલનો સ્ટોક જ નથી



સંતરામપુર, સંતરામપુરમાં ડીઝલની અછતના ડીઝલ ની રામાયણ છેલ્લા ત્રણ દિવસથી સંતરામપુર તાલુકાના ૧૦ જેટલા પંપ ઉપર ડીઝલ નથી સો જેટલા ખાનગી વાહનો પૈડા થંભી ગયા નાછૂટકે સંતરામપુર નજીક આનંદપુરી રાજસ્થાન ૧૧૩ રૂપિયા ખર્ચીને લિટરના આપવા પડતા હોય છે ખેડાપા ભાણાસીમલ ઉખરેલી ભંડારા શરદ નવાઘરા બટકવાડા મોલારા વગેરે સંખ્યાબંધ ગામો ના રૂઠો બંધ થઈ ગયા આંતરિક વિસ્તારમાં ગામોમાં બસ ચાલતીના હોય અને ખાનગી વાહનો ચાલતા હોય છે તે પણ હાલમાં બંધ જોવા મળ્યા છે વાહનચાલકો રોજગારી હોવા છતાં ડીઝલના કારણે બેરોજગાર બન્યા અલગ અલગ ગામોમાંથી દૂરથી પાંચ પાંચ લીટર મંગાવુ પડતું હોય છે ડીઝલ વગર ગંભીર પરિસ્થિતિ ઊભી થઇ છે પેટ્રોલ-ડીઝલ પંપોને માલિકોનો એક જ જવાબ આગળની સ્ટોક આવતો જ નથી આ પરિસ્થિતિ ઘણા સમયથી જોવાઈ રહી છે સંતરામપુર તાલુકાના લુણાવાડા રોડ ગોધરા રોડ પ્રતાપુરા રોડ તમામ વિસ્તારોના વહાનો હાલમાં બંધ થઈ ગયેલા જોવા છે.



સંતરામપુરમાં પતિનું આયુષ્ય વટસાવિત્રીનું વ્રત કરતી મહિલાઓ સંતરામપુર હનુમાનજીના મંદિર મહિલાઓ પોતાના પતિના આયુષ્ય માટે આજે વડ સાવિત્રીનું વ્રત કરેલું હતું. પ્રથમ બે દિવસના ઉપવાસ ફળ હાર કરીને કરવામાં આવે છે અને ત્રીજો ઉપવાસ નકોરડો કરવામાં આવે છે પછી વડ નું પૂજન કરીને પાણી પાવામાં આવે છે કાચા સૂતરના તાંતણા વીંટીને એની પ્રદિક્ષણા કરવામાં આવે છે આ વ્રતનું મહત્વ પતિના આયુષ્ય માટે કરવામાં આવે છે આજે મોટી સંખ્યામાં મહિલાઓએ વડ સાવિત્રીનું વ્રત કર્યું હતું.


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુરની રાજપૂત સમજની બહેનોએ વટસાવિત્રીનું વ્રતકરીને એક દિવસ ભૂખ્યા રહીને રાજપૂત સમાજની બહેનોએ પૂજા અર્ચના કરી હતી.

## રાજયકક્ષાના કલા મહાકુંભ ૨૦૨૨માં મહીસાગર જિલ્લાના જય મહાકાલી ભવાઇ કલા મંડળ જુના ભલાડાએ ભવાઈમાં રાજય કક્ષાનો પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, ભાવનગર ખાતે રાજયકક્ષાના કલા મહાકુંભ ૨૦૨૨ યોજાયો હતો. જેમાં મહીસાગર જિલ્લાના જય મહાકાલી ભવાઇ કલા મંડળ જુના ભલાડાએ ભવાઈમાં રાજય કક્ષાનો પ્રથમ નંબર પ્રાપ્ત કરી મહીસાગર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. જે અંતર્ગત જિલ્લા રમતગમત અધિકારી મહીસાગરીએ તમામ કલાકારોનો અભિનંદન પાઠવ્યા હતા.

તુરી બારોટ સમાજનું કલાનું ઘરેણુ ભવાઈ છે. કલાકારોમાં જગદીશ બારોટ, રમણભાઈ બારોટ મુકેશભાઈ બારોટ, દેવાભાઈ બારોટ, અંકિતભાઈ બારોટ, ત્રિભુવનભાઈ બારોટ, કિરીટભાઈ બારોટ, જીગરભાઈ બારોટ, રજનીકાંત બારોટ, રાજુ બારોટ, દિલીપભાઈ બારોટ, ગીરીશભાઈ બારોટ, કલ્પેશભાઈ રાવળ, મહેન્દ્ર બારોટ દિનેશભાઈ બારોટ આ બધા જ સમગ્ર સાથી કલાકારો સાથે સાથે સમગ્ર ટીમને જગદીશ બારોટે અભિનંદન પાઠવ્યા હતા.

## સંતરામપુર મુસ્લિમ સમાજ દ્વારા નૂપુર શર્મા સામે કડક કાર્યવાહી કરવા માંગ સાથે આવેદન આપ્યું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુરમાં સમગ્ર મુસ્લિમ સમાજ ભેગા મળીને ભાજપના પૂર્વ પ્રવક્તા નૂપુર શર્મા સામે કડક કાર્યવાહી કરવા માટે મામલતદારને આવેદનપત્ર અપાયું સંતરામપુરમાં આજરોજ સમગ્ર મુસ્લિમ સમાજ દ્વારા ભેગા મળીને સંતરામપુર મામલતદારને આવેદનપત્ર આપવામાં આવેલું કે થોડા દિવસો અગાઉ ભાજપના પૂર્વ પ્રવક્તા નૂપુર શર્મા દ્વારા મુસ્લિમ સમાજના પયગંબર હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ વિરોધમાં તેમને ગુસ્તાખી કરી હતી અને તેને લઈને મુસ્લિમ સમાજ ક્રિતશય ભરાયા હતા. મુસ્લિમ સમાજના રોશની લઈને તેમાં મુસ્લિમ દેશોના વિરોધ લઈને હરકતમાં આવેલી ભારતીય જનતા પાર્ટી દ્વારા નૂપુર શર્માને ભારતીય જનતા પાર્ટીમાંથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સાથે જણાવ્યું કે હતો કે ભારતીય જનતા પાર્ટીના દરેક ધર્મનું સન્માન કરે છે એવું પણ જણાવવામાં આવ્યું હતું પરંતુ નૂપુર શર્મા સામે કોઈ પણ કાનૂની કાર્યવાહી ના થતા મુસ્લિમ સમાજમાં રોષની લાગણી ભભકી ઉઠી હતી તેને લઈને દેશભરમાં લોકોએ વિરોધ પ્રદર્શન કર્યો હતો અને દરેક જગ્યાઓથી આવેદનપત્ર સુપરત કર્યા હતા તેની કડક સજા માંગ સાથે આજરોજ સમગ્ર મુસ્લિમ સમાજે ભેગા મળીને મામલતદારને આવેદનપત્ર આપવામાં આવેલું હતું. વધુમાં જણાવ્યું કે સંતરામપુર નગરમાં કોમી વૈમશય ન ફેલાઈ તે માટે સોશિયલ મીડિયામાં કોમી ભાવના ભડકાવતા મેસેજ કરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા સાયબર સેલ ને સક્રિય કામગીરી કામગીરી કરવા માટેના જરૂરી આ દેશો કરવા માટે સમગ્ર સમાજે માંગણી કરી હતી.

## મકાન અને માર્ગ વિભાગ પંચાયત લુણાવાડા

## મહીસાગર ના કામદારને ગુજરાત હાઈકોર્ટ દ્વારા નિવૃત્તિ બાદના તમામ લાભો ચૂકવી આપવા આખરી આદેશ કામદાર પરિવારમાં રાહત લાગણી

લુણાવાડા, મકાન અને માર્ગ વિભાગ પંચાયત લુણાવાડા ખાતેની કચેરીમાં તારીખ ૧૩/૪/૮૧ રોજમદાર મજૂર તરીકે ફરજ બજાર ડામોર લાલુભાઇ તીતાભાઈ તેઓની નોકરી ના સરસા દરમિયાન નિયમિત નોકરી કરી પ્રત્યેક વર્ષોમાં ૨૪૦ દિવસની નોકરી પાંચ વર્ષ પૂર્ણ થતા અરજદારની સરકારશ્રીના તારીખ૧૭/૧૦/૮૮ ના લાભો આપવામાં આવેલ અને ત્યારબાદ વખતોવખત મળવાપાત્ર પગાર અને ઈજાફા પણ આપવામાં આવતા હતા સરકારશ્રીના નિયત કરેલ નિયમોનુસાર તેઓની ઉંમર ૬૦ વર્ષની પૂર્ણ થતા તારીખ ૩૧/૩/૦૫ ના રોજ નિવૃત કરવામાં આવ્યો નિવૃત્તિ સમયે તેમને મળવાપાત્ર પેન્શન તથા અન્ય લાભો ચૂકવવામાં આવેલ ન હતા પરંતુ તેમની રોજમદાર તરીકે ની દસ વર્ષથી નોકરી બાદ કરી અધૂરી અને અપૂરતી ગ્રેજ્યુટી ચૂકવી પેન્શન યોજનાના લાભથી વંચિત રાખેલ જેને લઇ કામદારે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ અંબાલાલ એસ. સંપર્ક કરી એ લાભ મેળવવા લાગતા વળગતા સરકારી અધિકારીઓને નોટિસ પાઠવી જે નોટિસનો સમય મર્યાદામાં સરકારશ્રી તરફથી કોઈ પ્રત્યુતર ન મળતા ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન નામદાર ગુજરાત હાઈકોર્ટ માં એડવોકેટ દીપક દવે મારફતે એસીએ નંબર ૧૧૫૧/૨૨ દાખલ કરેલ અરજદાર તરફથી આ કામ ને લગતા તમામ પ્રકાર ના દસ્તાવેજો અદાલત સમક્ષ રજૂ કરી અરજદારને નિવૃત્તિ બાદ મળવાપાત્ર પેન્શન ગ્રેજ્યુટી ૩૦૦ રજાઓ તમામ પ્રકારના અન્ય લાભો ચૂકવી આપવા નામદાર અદાલત સમક્ષ અરજદાર તરફે એડવોકેટ ડી આર દવે એ દલીલો કરતા બંને પક્ષકારોની દલીલો સાંભળી ન્યાયમૂર્તિ શ્રી બીરેન વૈષ્ણવ સાહેબે કેસમાં પડેલા પુરાવા આધારિત અરજદારને રોજમદાર તરીકેની સળંગ નોકરી ગણી નિવૃત્તિની તારીખ થી પેન્શન ચૂકવવું તથા પેન્શન તફાવતની રકમ ઉપરાંત ગ્રેજ્યુટીની પૂરેપૂરી રકમ ચૂકવી આપવા આપવાનો આખરી આદેશ કરવામાં આવતા ગરીબ અને આદિવાસી વિસ્તારમાં પરિવારમાં રાહત અને આનંદની લાગણી પ્રવર્તી છે નિવૃત્તિ બાદ અરજદાર તેમના પરિવાર સાથે પેન્શન મેળવી પોતાનું જીવન નિર્વાહ કરશે.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા તાલુકાના પરોલી પીપળીયા ડુંગરી ફળિયા પાસે પસાર થતી હાઈટેન્શન લાઈનનો કેબલ ધડાકાભેર તૂટી પડતાં સ્થાનિકોના જીવ પડીકે બંધાયો હતો. અને નજીકમાં રહેતા લોકોમાં નાસભાગ સાથે ડરનો માહોલ જોવા મળ્યો હતો. આ બનાવ અંગે તાત્કાલિક લાઈન વિભાગને જાણ કરતાં તાત્કાલિક આવી પહોંચી કેબલને ફરીથી જોઈન્ટ કરતા ખેડૂતોએ રાહતનો દમ લીધો હતો.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે થોડો ફાયદો આપશે. સંતાન તરફથી સારા સમાચાર પ્રાપ્ત થતાં, હૃદય ખુશ થશે અને મોટી રકમની પ્રાપ્તિ સાથે ભંડોળ વધશે. તમને તમારી શ્રેષ્ઠ કાર્યશૈલી અને વ્યવસાયમાં નરમ વર્તનનો લાભ મળશે.

વૃષભ : પિતૃ સંપત્તિના મામલે ખલેલ ના પહોંચાડો નહીં તો દિવસ બગડી શકે છે. આજે કામકાજના ધંધામાં વધારે આશા નહીં રહે, તેમ છતાં અચાનક લાભ થવાના કારણે ખુશી થશે. લવ લાઇફમાં તમને કોઈ ગિફ્ટ અથવા સન્માનનો લાભ મળશે.

મિથુન : મિથુન રાશિના લોકોનો દિવસ સુખ અને શાંતિની ઈચ્છામાં રહેશે, પરંતુ વિપરિત ફળ મળશે. કેટલાંક કારણસર ભાગદોડ થશે. આજે ઘરમાં મન નહીં લાગે, પરંતુ ઘણા દિવસોથી અટકેલા કામ આજે એકસાથે આવવાના કારણે અસુવિધા રહેશે.

કર્ક : દિવસની શરૂઆતમાં, કામની ગતિ ધીમી રહેશે અને દૈનિક કાર્ય પણ આળસમાં કરવામાં આવશે, પરંતુ થોડા સમય પછી, બધું ધીમે ધીમે પાટા પર આવશે. પારિવારિક વ્યવસાયમાં પ્રગતિ અને વિસ્તરણના કારણે પિતાથી પ્રશંસા મળશે.

સિંહ : સિંહ રાશિના લોકો ગઈકાલની જેમ ક્ષેત્રમાં અનુકૂળતા પ્રાપ્ત કરશે નહીં. તેમ છતાં નાના કાર્યોની સફળતા પૈસાના પ્રવાહને સુનિશ્ચિત કરશે. વિદ્યાર્થીઓ બૌદ્ધિક અને માનસિક ભારથી મુક્તિ મેળવશે.

કન્યા : આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે, પરંતુ તેની વચ્ચે થોડી ખલેલ થઈ શકે છે, થોડા સમય પછી ફરીથી બધું સામાન્ય રહેશે. વ્યવસાયમાં તમારા વિરોધીઓ પરાજિત થશે અને પારિવારિક જીવન પણ સુખી રહેશે. પૈસાની લેવડ-દેવડ કરતી વખતે સાવચેતી રાખવી.

તુલા : આજે શરીર આળસુ હોવાને કારણે તમે વધુ ગૂંચવણોમાં પડવાનું ટાળશો, પરંતુ તમે જે પણ કરશો તે સરળતાથી થઈ જશે. મિત્ર અથવા સંબંધીમાં કોઈ કાર્યો બદલવા પડશે.

વૃશ્ચિક : તમારા સાથીદારોમાં તમારી લોકપ્રિયતા વધશે અને વધુ વ્યસ્ત રહેવાથી પ્રિયજનો ગુસ્સે થશે પરંતુ મિત્રો સાથે સારું બનશે. જો સમયસર જરૂરિયાત પૂર્ણ થાય તો ઘરમાં શાંતિ રહેશે. ઉત્તમ ખોરાક અને ટૂરિઝમની તકો ઉપલબ્ધ થશે અને આરોગ્ય જળવાઈ રહેશે.

ધનુ : ધંધા-વ્યવસાયમાં ધનલાભની તકો મળશે, પરંતુ આજે સુવિધાઓ વધારવા માટે જરૂરી કરતાં વધારે ખર્ચ કરશો. શક્તિમાં વધારો દુશ્મનોનું મનોબળ ઘટાડશે. કર્મચારીઓ માટે દિવસ આરામદાયક રહેશે.

મકર : નિત્યક્રમ સ્થિર રહેશે પરંતુ વ્યસ્તતા પણ વધશે. કામનો ભાર પણ આજે થોડો વધારે અનુભવશો. ક્ષેત્ર સાથે સામાજિક વ્યવહાર માટે સમય કાઢવા મુશ્કેલી ઊભી કરશે. ઘરના વડીલોના સહકારથી પણ આનું નિરાકરણ કરવામાં આવશે.

કુંભ : આ દિવસે તમારો લાભ અને નુકસાન બરાબર રહેશે. પૈસાના લાભમાં થોડો વિલંબ થશે, જેનાથી થોડી અસુવિધા થઈ શકે છે. આને કારણે, દૈનિક શિડ્યુલમાં પણ ફેરફાર કરવો પડી શકે છે. આજે આદરમાં વધારો થશે, નસીબનો યોગ છે, નવી શોધમાં રુચિ પણ વધશે.

મીન : આજનો દિવસ મિશ્રિત ફળદાયી રહેશે. સામાજિક અથવા કાર્યસ્થળનો કોઈ ઉતાવળે નિર્ણય ના લો. ઉદ્યોગપતિઓ રોજિંદા કાર્યોની સાથે નવા કાર્યોમાં નસીબ અજમાવશે, તેનાથી ફાયદા થશે પણ આશાસ્પદ નથી. હીટવેવને કારણે ઘરનું વાતાવરણ થોડા સમય માટે તોફાની બનશે.

# દાહોદના ખરોદ ગામે તળાવમાં પાંચ બાળકો પૈકી બે બાળકીઓ ડુબી જતાં મોત : ત્રણ બાળકોનો આબાદ બચાવ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોદા ગામે ચકચારી બનાવ બનવા પામ્યો છે જેમાં ગામમાં આવેલ તળાવમાં પાંચ બાળકો તળાવ તરફ પશુઓ ચરાવતાં હતાં અને તળાવમાં પશુઓને પાણી પીવડાવી રહ્યાં હતાં તે સમયે અકસ્માતે પાંચ બાળકો પૈકી બે બાળકીઓ તળાવના ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતાં બંન્ને માસુમ બાળકોના મોત નીપજ્યાં હતાં જ્યારે ત્રણ બાળકોનો આબાદ બચાવ થયો હતો જે પૈકી એક બાળક હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. બંન્ને બાળકીઓના મોતને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

ગત તા.૧૩મી જુનના રોજ સાંજના ચારેક વાગ્યાના આસપાસ દાહોદ તાલુકાના ખરોદા ગામે થાણા ફળિયામાં રહેતાં પ્રિયાંસીબેન રાજુભાઈ વજેસીંગભાઈ કટારા (ઉ.વ. ૦૯), પ્રિતીબેન લીલેશભાઈ વજેસીંગબાઈ કટારા (ઉ.વ. ૧૧), મિરઝાબેન અને તેમની સાથે અન્ય બીજા બે બાળકો મળી કુલ પાંચ બાળકો ગામમાં આવેલ તળાવ તરફ પશુઓ ચરાવવા ગયાં હતાં. પશુઓને પાણી પીવડાવવા માટે તળાવ તરફ જતાં તે સમયે અકસ્માતે પ્રિયાંસીબેન, લીલેશભાઈ અને મિરઝાબેનનો પગ લપસતા ત્રણેય બાળકો મળી અન્ય બે બાળકો પણ પાણીમાં પડી ગયાં હતાં. ઘટનાને પગલે સ્થળ પર બુમાબુમ થઈ જતાં લોકટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યાં હતાં અને સ્થાનીક તરવૈયાઓ દ્વારા મિરઝાબેન અને તેમની સાથે અન્ય બે બાળકો મળી ત્રણને હેમખેમ તળાવના પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યાં હતાં જ્યારે પ્રિયાંસીબેન અને લીલેશભાઈ તળાવના ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતાં બંન્નેના મોત નીપજ્યાં હતાં અને ભારે જહેમત બાદ બંન્નેના મૃતદેહો તળાવના ઉંડા પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યાં હતાં. ઘટનાને પગલે સ્થળ પર પરિવારજનો સહિત ગ્રામજનો ઉમટી પડ્યાં ગતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ કાફલો પણ સ્થળ પર દોડી ગયો હતો અને બંન્ને બાળકોના મૃતદેહને નજીકના દવાખાને પીએમ અર્થે રવાના કરી દેવામાં આવ્યાં હતાં. ઘટનાને પગલે બંન્ને બાળકોના પરિવારજનોમાં કરૂણાતિકાં છવાઈ ગઈ હતી.

આ સંબંધે દાહોદ તાલુકાના ખરોદા ગામે થાણા ફળિયામાં રહેતાં વજેસીંગભાઈ મનસુખભાઈ કટારાએ દાહોદ તાલુકા પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરા પોલીસે બાઈક પર વિદેશી દારૂની હેરાફેરી કરતા યુવકને ૨૬૪ નંગ દારૂની બોટલ સાથે ઝડપી પાડ્યો




ફતેપુરા,

ફતેપુરા પોલીસ સ્ટેશન વિસ્તાર માં દારૂ ની હેરાફેરી કરતા શખ્સ ને ફતેપુરા પોલીસે ૫૭૮૪૦/- ના મુદ્દા માલ સાથે એક ની ધરપકડ કરી.

ફતેપુરા તાલુકો રાજસ્થાન ની સરહદ પર આવેલો તાલુકો હોવા થી અવારનવાર રાજસ્થાન થી ગુજરાતમાં બૂટલેગરો દ્વારા અવનવી તરકીબો અપનાવી ભારતીય બનાવટ નો વિદેશી દારૂ ઘુસાડવા માં આવે છે. પરંતુ ગુજરાતમાં દારૂ બંદી હોવા છતાં રાજસ્થાન થી મોટા પ્રમાણ માં દારૂ ની હેરા ફેરી થતી હોય છે. જ્યારે બીજી તરફ ગુજરાત માં દારૂ બાંધી હોવા થી પોલીસ દ્વારા દારૂ બંદી ની કડક કાર્યવાહી પણ કરવા માં આવી રહી છે ત્યારે ફતેપુરા પોલીસે વધુ એક આરોપી સાથે દારૂ ઝડપી પાડ્યો હતો.

ફતેપુરા પોલીસ ને બાતમી મળી હતી કે રાજસ્થાન તરફ થી એક સ્પ્લેન્ડર મોટરસાયકલ ઉપર ભારતીય બનાવટ નો વિદેશી દારૂ લઈ આવી રહ્યા હોવાની બાતમીના આધારે ફતેપુરા પોલીસે વોચ ગોઠવી ઊભા હતા તે સમયે એક સ્પ્લેન્ડર મોટર સાયકલ લઈ બે શખ્સો આવી રહ્યા હતા અને જે પોલીસ ના માણસો ને જોઈ ભાગવાનો પ્રયત્ન કરતા એક શખ્સ ડુંગર તરફ ભાગવામાં સફળ રહ્યો હતો ત્યારે બીજી તરફ એક વ્યક્તિ ને પોલીસ દબોચી લઈ તપાસ કરતા ભારતીય બનાવટનો વિદેશ દારૂ કુલ ૨૬૪ બોટલો મળી આવી હતી. જેમાં અલગ અલગ બ્રાન્ડ નો ભારતીય બનાવટ નો વિદેશી દારૂ મળી આવ્યો હતો જેમાં ૭ પેટી મળી આવી હતી. ભારતીય બનાવટ ના ઈંગ્લિશ દારૂ ના પ્રિન્સ દેસી મદિરા ૧૮૦ મિલી ના પ્લાસ્ટિક ના કવોટરિયા ૧૯૨ નંગ ૧૯૨૦૦/- ની કિંમત ના, ગોડ ફાધર બિયર ૫૦૦ મિલીના ટીન ૭૨ નંગ ૮૬૪૦/- ની કિંમત નો એમ કુલ ૨૬૪ નંગ બોટલો કિંમત રૂપિયા ૨૭૮૪૦/- નો, મોટર સાયકલ ૨૫૦૦૦/- રૂપિયા ની તેમજ મોબાઈલ ફોન ની કિંમત ૫૦૦૦/- મળી ને કુલ ૫૭૮૪૦/- માં મુદ્દા માલ સાથે એક શખ્સ ની ધરપકડ કરી ફતેપુરા પોલીસ મથકે પ્રોહીબીસન એક્ટ મુજબ નો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દાહોદના અમદાવાદ-ઈન્દૌર હાઈવે પર પાંચ ઈસમોએ જમીન ઝગડા મામલે એક વ્યક્તિને માર મારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરના અમદાવાદ-ઈન્દૌર હાઈવે રોડ પર પાંચ જેટલા ઈસમોએ એક જણાને રસ્તામાં રોકી જમીન સંબંધી મામલે ઝઘડો તકરાર કરી પ્લાસ્ટીકની અને લોખંડની પાઈપ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવા પામી છે.

ગત તા.૧૩મી જુનના રોજ દાહોદ શહેરના ઘાંચીવાડ વિસ્તારમાં રહેતાં સાહીદભાઈ સુલેમાનભાઈ પટેલ દાહોદ શહેરના અમદાવાદ-ઈન્દૌર હાઈવે રોડ પરથી પસાર થઈ રહ્યાં હતાં તે સમયે ત્યાં રજાક અહેમદસફી દલાલ, મુસા એહમદસફી દલાલ, જુલ્ફીકાર રજાકભાઈ દલાલ, ઈમરાન રજાકભાઈ દલાલ અને સોહીલ ચુનુસ છીતલ (તમામ રહે. ઘાંચીવાડ, દાહોદ) નાઓએ સાહીદભાઈને બેફામ ગાળો બોલી જમીનના ભાગ બાબતે કોર્ટમાં દાવો ચાલતો હોઈ જે બાબતે સાહીદભાઈને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તે કેમ અમારા બાબ દાદાની જમીન માટે કેસ કરેલ છે. આ જમીન તારા બાપની નથી, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ સાહીદભાઈને પ્લાસ્ટીક અને લોખંડની પાઈપ વડે માર મારી અને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત સાહીદભાઈ સુલેમાનભાઈ પટેલ દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વડાપ્રધાનના આઠ વર્ષની સેવા સુશાસન નિમિત્તે તિરંગા યાત્રા બાઈક રેલીનું સંજેલીમાં જિલ્લા ભાજપા પ્રમુખે પ્રસ્થાન કરાવ્યું


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલી ખાતે ભાજપા યુવા મોરચા દ્વારા તિરંગા યાત્રા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે રેલીનું પ્રસ્થાન જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ આમલીયારે કરાવ્યું હતું કેન્દ્રની ભાજપની સરકાર અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આઠ વર્ષ સેવા સુશાસ, અને ગરીબ કલ્યાણ સપ્તાહની ઉજવણી ના ભાગરૂપે તિરંગા યાત્રા બાઈક રેલીનું આયોજન કરાયું હતું. જે રેલીનું જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ અમલિયારે બાઈક રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું જે રેલી સંજેલીના વિવિધ વિસ્તારોમાં ફરી હતી જેમાં દાહોદ જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ અમલિયાર જિલ્લા ભાજપા યુવા મોરચાના પ્રમુખ મોહિત ડામોર, સંજેલી મંડળના પ્રમુખ રમેશભાઈ તાવીયાડ, સંજેલી યુવા મોરચાના પ્રમુખ, સહિત તાલુકા ભાજપાના હોદ્દેદારો, યુવા મોરચાના કાર્યકર્તાઓ મોટી માત્રામાં જોડાયા હતા.

# દેવગઢબારીયા તાલુકાના ગુણા ગામની સિમ માંથી અર્ધ બળેલ હાલતમાં બિનવારસી લાશ મળતા ચકચાર

દાહોદ,

દેવગઢ બારીયા તાલુકાના પીપલોદ થઈ ગુણા જતા રોડ અને ત્યાંથી વાડોદર ગામ જતા ડામર રોડની સાઈડમાં ગુણા ગામની સિમની હદ માં કોઈ અજાણ્યા પુરૂષ માણસ ની અર્ધ બળેલ લાશ આજરોજ રસ્તે જતા લોકોની નજરે પડતા પીપલોદ પોલીસ મથક માં જાણ કરાઈ હતી.

દેવગઢ બારીયા તાલુકાના પીપલોદ પોલીસ મથકના પીએસઆઈ જી.બી. પરમાર નાઓ ને ગુણા ગામની સિમમાં અર્ધ બળેલી પુરૂષની લાશ પડી હોવાની માહિતી મળતા તાબડતોબ બનાવ વાળી જગ્યા એ પોલીસ સ્ટાફ સાથે પહોંચી ઘટના સ્થળનું નિરીક્ષણ કરી પોલીસના ઉપરી અધિકારીઓને જાણ કરતા લીમખેડા વિભાગના ડીવાયએસપી આર.બી. દેવધા તેમજ સીપીઆઈ દેવગઢબારીયા પણ સ્થળ ઉપર દોડી આવ્યા હતા. આ લાશ કોની છે..? કયા ગામની છે..? કયા કારણોસર આવું કૃત્ય બન્યું છે તે અંગે હજુ પોલીસ તપાસ કરી રહી છે. આ સમાચાર લખાય છે ત્યાં સુધી હજુ પોલીસ મથકમાં કોઈ જાણવાજોગ જાહેરાત નોંધાઈ નથી. પીપલોદ પોલીસે તપાસ આદરી છે.

# સંજેલીમાં ઉમર ફાઉન્ડેશન દ્વારા સમાજમાં કુરિવાજો, વ્યસન મુક્તિ દૂર કરવા બાબતે સામાજિક જનજાગૃતિ સંમેલન યોજાયું



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલી ખાતે ઉમર ફાઉન્ડેશન સંચાલિત નગર ખાતે સમાજમાં કુરિવાજો, અભણતાં, વ્યસન, અને બેરોજગારી માંથી કાઢીને સ્વચ્છ સુંદર અને કાર્યશીલ સમાજ બનાવવાના હેતુથી સામાજિક જનજાગૃતિ અભિયાન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમાજના આગેવાનો દ્વારા વિવિધ વિષયો પર પોતાનું વક્તવ્ય આપીને યુવાનો સહિત ગ્રામજનોને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું તેમજ વ્યસનથી થતા નુકશાન વિશે સમજ આપવામાં આવી હતી, સમાજમાં થતા કુરીવાજો નેશત નાબૂદ કરવા માટે, તેમજ અભણતાં દૂર કરવા સ્વચ્છ સુંદર, અને કાર્યશીલ સમાજ બનાવવાના હેતુથી સામાજિક જનજાગૃતિ અભિયાન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં ઉમર ફાઉન્ડેશનના પ્રમુખ ફારૂકભાઈ પાટુક, મુફ્તી,મો ઝૈદ સાહેબ, હાજી સુલેમાન ડાબીયાલ, મૌલાના અબ્દુલ હક દાહોદી, અબ્દુલ્લા પઠાણ, આસિફ અલી સૈયદ, હાજીબિલાલ ભુલા, શકિલભાઈ વાઘ, મુખ્તાર ડોકિલા, ઈશાકભાઈ પટેલ, સલીમભાઈ કાસમવાલા, ફારૂકભાઈ મસ્કેન, શફીભાઈ શેખ, તેમજ સમાજના આગેવાનો, વડીલો, યુવાનો મોટી માત્રામાં જોડાયા હતા.

## શું ભારતમાં હિંદુઓની સંખ્યા ઘટી રહી છે...?

# અંગ્રેજોથી આઝાદી મળી તે પહેલા ભારતમાં હિંદુઓ ૯૩% પરંતુ હવે માત્ર ૮૦% હિંદુઓ

દે.બારીઆ,

મદુરાઉમાં મળેલા હિંદુ મઢના સંમેલન અનુસાર આપણી આઝાદી પહેલા હિન્દુઓની વસ્તી ૯૩ ટકા હતી જયારે હાલમાં માત્ર ૮૦ ટકા હિંદુઓ છે. જયારે મંદિરોને દાન પેટે ચુકવવામાં આવતી રકમ અન્ય કાર્યોમાં ખર્ચ કરવામાં આવી રહી છે શુ ? આ બંને વાત સાચી છે...? ખરી મદુરાઈ પલંગનાથમ ખાતે વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા સધુ સંમેલનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સંમેલનમાં મદુરાઈની કોઈમ્તુર કામાચીમાં અને મન્નારગુડી જીયર સહિત અનેક મઢ મંદિરોના વડાઓએ હાજરી આપી હતી.પત્રકાર પરીષદમાં મદુરાઈ મઢ અને પેરુરમઢ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ ચર્ચામાં છે. પત્રકારો સાથે વાત કરતા પેરુરઆદી નામે કહ્યુ આઝાદી પહેલા ભારતમાં ૯૩ ટકા હિંદુઓ હતા. પરંતુ હવે વસ્તીમાં માત્ર ૮૦ ટકા હિંદુઓ છે. ભારતમાં સાત રાજયમાં ધર્માંતરણ પર પ્રતિબંધનો કાયદો અમલમાં છે. તેવી જ રીતે તમિલનાડુમાં પણ ધર્માંતરણ પર પ્રતિબંધનો કાયદો લાગુ થવો જોઈએ. સંમેલનમાં બોલતા મદુરાઈ મંદિરના હરિહર મંદિર વિભાગઓ જ્ઞાનસંસ્થા રાષ્ટ્રિય પરમાચાર્ય સ્વામીએ કહ્યુ સરકારના હિંદુ નાઓ પૈસા સંબંધિત મંદિરમાં જતા નથી બીજે વપરાય છે હિંદુઓની સંખ્યા સતત ઘટી રહી છે. અને મુસ્લિમોની સંખ્યા વધી રહી છે. હવે તમિલનાડુમાં સાધુ સંમેલનમાં આ વાત કરવામાં આવી છે.શુ આ ટિપ્પણીઓ સાચી છે...? જોઈએ આઝાદી પહેલા ભારતની વસ્તી ગણતરી ૧૯૪૧માં હાથ ધરવામાં આવી હતી. જો કે તેમાં દરેક પ્રદેશ અને દરેક રાજયમાં હિંદુ-મુસ્લિમની વસ્તીનો આંકડો સ્પષ્ટ કરવામાં આવ્યો ન હતો. તે સમયે પાકિસ્તાન અને બાંગ્લાદેશ વર્તમાન અખંડ ભારતના ભાગ હતા. વર્ષ ૧૯૪૧માં ભારતમાં ૫૯.૩૮ ટકા હિંદુઓ અને ૨૩.૪૭ ટકા મુસ્લિમો હતા જયારે ભારતને આઝાદી મળી ત્યારે દેશનુ વિભાજન થયુ અને મુસ્લિમોની સંખ્યામાં ભારે ઘટાડો થયો. મોટાભાગના ઈસ્લામિક વિસ્તારો જેવા કે પાકિસ્તાનમાં ગયા ત્યારબાદ ૧૯૫૧ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં હિંદુઓની ટકાવારી ૮૪.૧ ટકા અને મુસ્લિમોની ટકાવારી ૯.૮ ટકા હતી. ખ્રિસ્તીઓ ૨.૩ હતા. તેના ૬૦ વર્ષ બાદ ૨૦૧૧ની વસ્તી ગણતરીમાં ભારતની વસ્તી ૧૨૧ કરોડ ૮ લાખ ૫૪ હજાર ૯૭૭ હતી. જેમાં હિંદુઓની વસ્તી ૭૯.૭૯ ટકા અને મુસ્લિમોની વસ્તી ૧૪.૨૨ ટકા નોંધાઈ હતી. સાધુઓના જણાવ્યા પ્રમાણે ભારતમાં ૯૩ ટકા હિંદુઓની કયારેય નહોતી. ૧૯૪૧ની વસ્તી ગણતરી મુજબ હિંદુઓની વસ્તી ૫૯.૩૮ ટકા હતી જે વિભાજન બાદ ૧૯૫૧માં વધીને લગભગ ૮૪ ટકા થઈ હતી. અને અત્યારે તે ૮૦ ટકા છે આઝાદીના પહેલા મુસ્લિમોની વસ્તી ૨૩.૪૭ ટકા હતી જે વિભાજન બાદ ૧૯૫૧માં ઘટીને ૯.૮ ટકા થઈ હતી. અને હાલમાં ૧૪.૨૨ ટકા છે. તેથી હિન્દુ વસ્તી ૯૩ ટકાથી ઘટીને ૮૦ ટકા થઈ હતી. તેવા દાવાના સમર્થન માટેના કોઈ જ પુરાવા નથી. થોડા વર્ષ પહેલા તમિલનાડુમાં પણ અભિયાત ચલાવવામાં આવ્યુ હતુ. મંદિરોની પેટીમાં દાનમાં આપેલી રકમ મંદિરના લાભાર્થે ઉપયોગમાં લેવામાં આવતા નથી. તેના બદલે તે રકમ રાજય સરકારની તિજોરીમાં જમા થાય છે.અને નેતાઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવે છે.હકીકતમાં શુ મંદિરના અધિકારીઓ રાજનેતાઓ કે સરકાર મંદિરની દાન પેટીમાંથી પૈસા લઈ શકે છે ? તાલીમ નાડુમાં હિંદુ ધાર્મિક બાબતોના મંત્રાલયના નિયંત્રણ હેઠળના મંદિરોની પેટીમા જમાં થતા દાનની રકમની ગણતરી માટે વિવિધ પક્રિયાઓ અને નિયમોનુ પાલન કરવામાં આવે છે. દરેક મંદિરમાં દાનપેટી અલગ અલગ સમયે ખુલે છે. પેટી ઘણીવાર મહિનામાં એકવાર અથવા પેટી ભરાઈ જાય ત્યારે ખોલવામાં આવે છે. આ ઉપરાંત તમામ મંદિરોની પેટીઓ હિંદુ વર્ષના અંતમાં એટલે જુનના અંતમાં ખુલે છે.

બે લાખ રૂપિયાથી વધુની આવક ધરાવતા મંદિરોની તિજોરી ડે.કમિશનર અથવા ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં ખોલવામાં આવે છે. મંદિરની તમામ દાનપેટી ઉપર બે તાળા હોય છે. એક પેટી પર લગાવેલુ તાળુ અને બીજી બહાર લગાવેલુ તાળુ એક ચાવી મંદિરના સંચાલક અને બીજી મંદિરના યોગ્ય વ્યકિત અથવા ટ્રસ્ટી પાસે હોય છે. દાનપેટી પર તાળા પર કપડુ લપેટીને સીલ બંધ કરવામાં આવે છે જે રીતે આ તાળાઓની ચાવીઓ કાપડમાં લપેટીને સીલ કરવામાં આવે છે. જે દિવસે દાનપેટી ખોલવામાં આવે છે તે દિવસે બંને પક્ષ તરફથી ચાવીઓ લાવવામાં આવે છે. અને અધિકારીઓ અને ટ્રસ્ટીઓની હાજરીમાં ખોલવામાં આવે છે. તાળા ખોલતા પહેલા તમામ દાન પેટી પર લગાવવામાં આવેલુ સીલ તુટેલુ નથી તેવી ખાતરી કરવા માટે બહારથી એસોસિએટ કમિશનર દ્વારા તપાસ કરવામાં આવે છે. પ્રથમ દાન પેટી ખોલવામાં આવે છે. અને તેને એકપેટીમાં ખાલી કરવામાં આવે છે. કઈ પેટી ક્યાં સમયે ખોલવામાં આવી તેની વિગતો રજીસ્ટરમાં નોંધવામાં આવે છે. એક પેટી ભરાઈ જયા પછી તેને તાર કરવામાં આવે છે. અને બીજી પેટી લાવવામાં આવે છે. ત્યારબાદ પેટીને એક સભાખંડમાં ગણતરી કેન્દ્રમાં લઈ જવામાં આવે છે. આ સભાખંડ મોટા ભાગે જાહેર જનતા માટે ખુલ્લો રહે છે. સભાખંડમાં પેટીઓ ખોલવામાં આવે છે. મંદિરના અધિકારીઓ બેંક અધિકારીઓ જે તે રકમને ગણવા માટે આવકારવામાં આવે છે. તેમની વિગતો નોંધવામાં આવે છે. દરેક પ્રકારની નોટના બંડલ તૈયાર કરવામાં આવે છે અને બેંક અધિકારીઓને સોંપવામાં આવેલ છે. આમ તમામ નાણાંની ગણતરી થઈ ગયા પછી કુલ રકમ બેંક અધિકારીઓને આપવામાં આવે છે અને મંદિરના એક ખાતા માટે મંદિરના અધિકારીને પૈસા આપવામાં આવે છે. દરેક મોટા મંદિરના બે ખાતા હોય છે એક ક્રેડિટ માટેનુ અને બીજુ ખર્ચ માટેનુ. મંદિરની દાનપેટી રજીસ્ટરમાં સલુન નંબર નોંધવાની સાથે જ દાનપેટીમાં આવતા દાગીના વર્ગકરણ કરવામાં આવે છે તેને સોના ચાંદી અને તાંબા તરીકે વર્ગીકરણ કરવામાં આવે છે. અને ઈલેકટ્રીક વજન કાંટા પર તેનુ વજન કરવામાં આવે છે. અને ઈલેકટ્રોનીક કાંટા પર તેનુ વજન કરીને મંદિરના ખાતમાં જમા કરવામાં આવે છે.

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

# ઝાલોદના મસવાસી ગામની પરણિતાએ સાસરીયાના ત્રાસ અને દહેજની માંગણી કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મલવાસી ગામની પરણિતા દ્વારા પતિ તથા સાસરીયાઓના ત્રાસથી વાજ આવી અને સાસરીયાઓ દ્વારા દહેજની માંગણી કરતાં પરણિતા દ્વારા મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મલવાસી ગામે તળાવ ફળિયામાં રહેતી ૨૪ વર્ષીય પરણિતા રેખાબેન મહેશભાઈ રાવતના લગ્ન દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના કરંબા ગામે ખોબરા ફળિયામાં રહેતાં મહેશભાઈ વાલસીંગભાઈ માવી સાથે તા. ૦૨.૦૬૨૦૧૬ના રોજ સમાજના રિતી રિવાજ મુજબ થયાં હતાં. લગ્નના થોડા સમય સુધી પરણિતા રેખાબેનને પતિ તથા સાસરીપક્ષના વાલસીંગભાઈ તાસસીંગભાઈ માવી અને સવિતાબેન વાલસીંગભાઈ માવી દ્વારા સારૂ રાખ્યાં બાદ પોત પ્રકાશ્યું હતું અને દહેજની માંગણી કરી અવાર નવાર પરણિતા રેખાબેનને શારિરીક અને માનસીક ત્રાસ આપી પરણિતા રેખાબેનને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં આ સંબંધે પરણિતા રેખાબેન મહેશભાઈ રાવત દ્વારા મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# એમ.એમ. ચેરીટેબલ સેવા ટ્રસ્ટ અને ભારતિય પત્રકાર સંઘનું સંયુક્ત ઉપક્રમે દાહોદ શહેરમાં એક જ દિવસમાં ૧૪૬ યુનિટ લોહી ભેગુ કરાયુ

દાહોદ,

દાહોદ શહેરમાં વિશ્વ રકતદાતા દિવસની ધુમધામથી ઉજવણી કરવામાં આવી હતી. વહિવટી તંત્ર, એમ.એમ ચેરીટેબલ સેવા ટ્રસ્ટ અને ભારતિય પત્રકાર સંઘના સંયુકત ઉપક્રમે ઝાયડસ હોસ્પિટલ અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં રકતદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યુ હતું. કલેક્ટર ડો.હર્ષિત ગોસાવી અને જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારીએ બંને સ્થળે ઉપસ્થિત રહીને કેમ્પના પ્રારંભ કરાવ્યા હતાં. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે મતદારોની જાગૃતિ માટેની પ્રવૃત્તિ કરાઈ હતી. તેમજ મતદાન અને નૈતિક મતદાન વધે તે માટે શપથ લેવામાં આવ્યાં હતા. ઝાયડસમાં પણ આયોજિત કાર્યક્રમમાં જિલ્લામાં લોહીની જરૂરિયાત અંગેની માહિતી પુરી પડાઇ હતી. વિશ્વ રકતદાતા દિવસને સફળ બનાવવા માટે સરકારી કર્મચારીઓ, પત્રકારો અને નિયમીત રકતદાતાઓએ ઉત્સાહ બતાવતા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે ૭૧ અને ઝાયડસ હોસ્પિટલ ખાતે ૭૫ યુનિટ લોહી ભેગુ થયું હતું. કેમ્પમાં રેડક્રોસ અને ઝાયડસ બ્લડ બેંકના કર્મચારીઓએ ઉત્સાહ સાથે ફરજ નિભાવી હતી. "Donating Blood is an act of solidarity join the efforts and save lives'ની થીમ ઉપર વિશ્વ રકતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.249

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા- દાહોદ હાઈવે પ્રભાનદી ઉપર

# નવાપુલના નિર્માણ બાદ કાટમાળ અને ઝાંડી ઝાંખરા પ્રિમોન્સુન અંતર્ગત દુર કરવામાં તંત્રની આડસ




દે.બારીઆ,
હવામાન વિભાગ દ્વારા ચાલુ વર્ષે સારા વરસાદની આગાહી કરવામાં આવી છે અને આવનાર ૪૮ કલાકમાં સમગ્ર ગુજરાતમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ થવાનો હોવાની આગાહી પણ કરવામાં આવી છે. ચાલુ વર્ષે ચોમાસાની સીઝનમાં પંચમહાલ જિલ્લા ગોધરામાં પ્રિમોન્સુનની કામગીરી કરવામાં આળસ રાખી હોય તેવુ જણાઈ રહ્યુ છે.


ગોધરા શહેરના દાહોદ હાઈવે રોડ ઉપર પ્રભા કોનરમાં વરસાદી પુરને લઈને અગાઉના વર્ષોમાં સોસાયટીઓમાં પુરના પાણી ભરાઈ જતા મોટાપ્રમાણમાં નુકસાન થવા પામ્યુ હતુ. ગત વર્ષ પ્રભા નદી ઉપરના નવા પુલનુ નિર્માણ સ્ટેટ આર એન્ડ બી.દ્વારા કરવામાં આવ્યુ છે. નવા પુલના નિર્માણ માટે જુના પુલને તોડવામાં આવ્યા પછી તેના સિમેન્ટના પીલરો કોતરમાંથી દુર કરવામાં આવ્યા નથી. સાથે દર વર્ષે તંત્ર દ્વારા પ્રભા કોતરમાં પ્રિમોન્સુન કામગીરીના ભાગરૂપે ઝાડી ઝાંખરા દુર કરવામાં આવતા હોય છે પરંતુ આ વર્ષે ચોમાસાની સીઝન શરૂ થવા જઈ રહી છે તેમ છતાં પ્રભા કોતરમાંથી ઝાડી ઝાંખરા અને જુના પુલને તોડવા દરમિયાન પડેલ કાટમાલને દુર કરવામાં આવ્યો નથી. જેને લઈ ચોમાસની સીઝનમાં વરસાદી પાણીની નિકાલમાં અવરોધ થતાં વરસાદી પાણી પ્રભા કિનારે આવેલ પેરેડાઈઝ એપાર્ટમેન્ટવાળી સોસાયટીમાં તેમજ ભગવતનગર ગીમા નગરની સોસાયટી અને અન્ય વિભાગોમાં વરસાદી પાણીના નિકાલના અભાવે પ ુર જેવી સ્થિતિમાં મુશ્કેલીઓ ઉભી થાય તેમ હોવાથી દાહોદ હાઈવે પ્રભાપુલથી ગીમા નગર સુધીના કોતર વિસ્તારમાં ઝાડી ઝાંખરા દુર કરવા માટે તંત્ર ધ્યાન દોરે તે જરૂરી છે.

### વરસાદી પાણીના નિકાલના અભાવે કિનારાની સોસાયટીમાં પાણી ભરાવાની દહેશત લોકોએ વ્યકત કરી

# ૧૮ જુને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનને લઈને પાવાગઢ મંદિર ટ્રસ્ટ નો મહત્વનો નિર્ણય લેવાયો

### સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ નીજ મંદિર ૧૬/૦૬/૦૨૨ થી ૧૮/૦૬/૨૦૨૨ સુધી પાવાગઢ મંદિર ના દ્વાર ભક્તો માટે બંધ રહેશે






પાવાગઢ,
પીએમ મોદીને લઈને પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા મહત્વના નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં પીએમ મોદી ફરી એકવાર ગુજરાતના પ્રવાસે પંચમહાલ સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ પાવાગઢ ખાતે પીએમ મોદીને આગમનને લઈને મંદિર ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે જ્યારે વડાતળાવ ખાતે હેલીપેડ બનાવવામાં આવી છે તા.૧૮.૬. ૨૦૨૨ ના રોજ સવારે ૯ વાગે વડા તળાવ ખાતે પીએમ મોદીના હેલિકોપ્ટરને ઉતારવામાં આવશે. અને વડા તળાવ થી પીએમ મોદી માંચી સુધી બાય પાસ રોડ અને માચી ઉપર તેમનું સ્વાગત કરવામાં આવશે અને કરોડો રૂપિયાના ખર્ચે કરેલ વિકાસના કામોનું નિરીક્ષણ કરવામાં આવશે. ત્યારબાદ રોપ-વે દ્વારા પીએમ મોદી મંદિર સુધી એસપીજી સાથે મંદિરમાં માતાજીના દર્શન કરશે ત્યારબાદ મંદિર ટ્રસ્ટ દ્વારા પૂજા અર્ચના અને સ્ત્રોતો દ્વારા વિવિધ બ્રાહ્મણની ઉપસ્થિતિમાં પૂજા અર્ચના કરવામાં આવશે. પીએમ મોદી દ્વારા દ્વજારોહણ કરવામાં આવશે અને ત્યારબાદ પીએમ મોદી દ્વારા સંબોધન કરવામાં આવશે જ્યારે પાવાગઢ ખાતે પીએમ મોદીને લઈને રાજયના મંત્રી મંડળ અને સંત-મહંત સાથે આરએસએસ પાવાગઢ મંદિરના ટ્રસ્ટીઓ સહિત અનેક મહાનુભવો ઉપસ્થિત રહેશે.

તા.૧૬/૦૬/૨૦૨૨ બપોરના ૩ વાગ્યાથી તા.૧૮/૦૬/૨૦૨૨ બપોરના ત્રણ વાગ્યા સુધી ભક્તો માટે મંદિર બંધ રહેશે ત્રણ વાગ્યા પછી રાબેતા મુજબ ભક્તો માટે મંદિર ખુલ્લું રાખવામાં આવશે તેવુ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યુ હતુ. હાલોલ પાવાગઢ નિજ મંદિર ખાતે મહાકાળી માતાજીના મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પાવાગઢ નિજ મંદિર ખાતે શક્તિપીઠ મહાકાળી માતાજીના મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા તારીખ ૧૮મી જૂનના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના પાવાગઢ મંદિરના દ્વજારોહણના કાર્યક્રમ અનુસંધાનમાં પ્રેસ કોન્ફરન્સનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે યાત્રાધામ પાવાગઢ મંદિર ભાવિક ભકતો માટે તા.૧૬/૦૬/ ૨૦૨૨ ને બપોરના ૩.૦૦ વાગ્યાથી તા.૧૮/૦૬/૨૦૨૨ ને બપોરના ૩.૦૦ કલાક સુધી મંદિર ભક્તો માટે બંધ રહેશે. આ પ્રેસ કોન્ફરન્સમાં પંચમહાલ જિલ્લાના તથા આજુબાજુના તાલુકાના પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના દ્વજારોહણના કાર્યક્રમની વિગત રૂપરેખા જણાવી હતી. મોદીજીના આગમનથી લઈને કાર્યક્રમના સમાપન સુધીની તમામ વિગતોથી માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી, તેમજ રાજયના મંત્રીઓ, તથા સાધુ સંતો ઉપસ્થિત રહેવાના છે તેવી માહિતી આપી હતી.



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

ગોધરા તાલુકાના નદીસર ગામ ખાતે હિન્દુ ધર્મમાં વિવિધ વ્રતો અને ઉપવાસનું અદકેરૂં ધાર્મિક મહત્વ છે એવાજ વટ સાવિત્રી વ્રત કે જેમાં ધાર્મિક માન્યતા પ્રમાણે સાવિત્રીએ પોતાના પતિને યમરાજ ના મૃત્યુ પાસ માથી મુક્ત કરાવ્યો હતો ત્યારે અનાદી કાળથી મહિલાઓ પોતાના પતિ દીર્ઘાયુ માટે આ વ્રત કરે છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા સહિત સમગ્ર જીલ્લામાં સૌભાગ્યવતી મહિલાઓએ વટ વૃક્ષની પૂજા અર્ચના કરી વટ સાવિત્રી વ્રતની ઉજવણી કરી હતી. મહિલાઓએ પૂજા કરી પોતાના પતિ ના સ્વાસ્થ્ય, આયુ અને સૌભાગ્ય સુખ અક્ષય રહે તેવી કામના કરી હતી. સાવિત્રીએ વટ વૃક્ષની પૂજા કરી પોતાના મૃત પતિને યમરાજનાં આશીર્વાદ થી પાછો મેળવ્યો હતો. જેથી આ દિવસે મહિલાઓ પોતાના અટલ અને અખંડ સૌભાગ્ય માટે વટ વૃક્ષની પૂજા કરી વ્રત કરીને મહિલાઓ સત્યવાન સાવિત્રીની કથા પણ સાંભળે છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ૧૮ જૂનના રોજ ગુજરાતમાં 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના'નો પ્રારંભ





ગોધરા,
આગામી તા.૧૮ જૂનના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ગુજરાતના વડોદરામાં 'ગુજરાત ગૌરવ અભિયાન' કાર્યક્રમ આયોજન કરાયું છે. જેમાં વડાપ્રધાનના હસ્તે રૂ.૨૧,૦૦૦ કરોડથી વધુ રકમના વિવિધ વિભાગોના વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યભરમાં 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' (MMY)નો શુભારંભ કરાવશે. મહિલાઓની સગર્ભાવસ્થાથી માંડીને ૧,૦૦૦ દિવસ સુધી માતા અને બાળકોને પોષણયુક્ત આહાર પૂરો પાડવા અને તેમના પોષણની સ્થિતિમાં સુધાર લાવવાના ઉદ્દેશથી ગુજરાત સરકાર દ્વારા 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' જાહેર કરવામાં આવી છે. આ સાથે જ રાજ્યના તમામ આદિજાતિ તાલુકાઓમાં 'પોષણ સુધા યોજના'નું પણ લોન્ચિંગ કરવામાં આવશે જે યોજના હેઠળ આદિજાતિ વિસ્તારની મહિલાઓને આવરી લેવામાં આવશે.

માતાનું નબળું પોષણ સ્તર ગર્ભમાં રહેલા બાળકના વિકાસને અવરોધે છે, જે આગળ જતા બાળકના નબળા આરોગ્યમાં પરિણમે છે. સગર્ભા માતાઓમાં કુપોષણ અને પાંડુરોગ બાળકના વૃદ્ધિ અને વિકાસ પર ગંભીર અસર કરે છે. મહિલા ગર્ભ ધારણ કરે તે ૨૭૦ દિવસ અને બાળકના જન્મથી ૨ વર્ષ સુધીના ૭૩૦ દિવસ, એટલે કે કુલ ૧,૦૦૦ દિવસના સમયગાળાને 'ફર્સ્ટ વિન્ડો ઓફ ઓપોર્ચ્યુનિટી' કહેવામાં આવે છે, જે સમય દરમિયાન માતા અને બાળકનું પોષણ સ્તર સુદઢ બનાવવું જરૂરી છે. આ બાબતના મહત્વને સમજીને ભારત સરકારના 'પોષણ અભિયાન' અંતર્ગત માતા અને બાળકના આ ૧,૦૦૦ દિવસ ઉપર ફોક્સ કરવાનું જણાવવામાં આવ્યું છે. આ તબક્કા દરમિયાન માતાના આહારમાં અન્ન અને પ્રોટીન, ફેટ તેમજ અન્ય સૂક્ષ્મ પોષકતત્વો ઉપલબ્ધ થાય તે ખૂબ અગત્યનું છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા આ ૧,૦૦૦ દિવસ દરમિયાન સગર્ભા અને પ્રસૂતા માતાઓને પોષણયુક્ત આહાર પૂરો પાડવાના ઉદ્દેશથી 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' મંજૂર કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨-૨૩માં તમામ પ્રથમ સગર્ભા અને પ્રથમ પ્રસૂતા માતા તથા આરોગ્ય વિભાગના સોફ્ટવેરમાં સગર્ભા તરીકે અથવા જન્મથી બે વર્ષના બાળકની માતા તરીકે નોંધાયેલ લાભાર્થીઓ આ યોજનાનો લાભ લઈ શકે છે. આ યોજના અંતર્ગત દરેક લાભાર્થીને દર મહિને આંગણવાડી કેન્દ્ર પરથી રાશન તરીકે બે કિલો ચણા, એક કિલો તુવેર દાળ અને એક લિટર સીંગતેલ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષના બજેટમાં રૂ.૮૧૧ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે અને આગામી પાંચ વર્ષ માટે રૂ.૪,૦૦૦ કરોડથી વધુ રકમની જોગવાઈ કરવામાં આવશે. આ યોજનાથી માતા અને બાળકના પોષણની સ્થિતિમાં સુધારો થશે. અપૂરતા મહિને જન્મ અથવા ઓછા વજનવાળા બાળકોના જન્મની સંખ્યામાં ઘટાડો થશે અને સંપૂર્ણ સ્વસ્થ બાળકોનો જન્મ થશે. આ સાથે જ માતા મૃત્યુદર અને બાળમૃત્યુદરમાં પણ ઘટાડો થશે.

# ગોધરા આંગડીયા પેઢીમાંથી ૪૭ લાખની ચોરીના કેશમાં આરોપીના જામીન નામંજુર કરતી કોર્ટ

ગોધરા,
સમગ્ર પંચમહાલ જિલ્લામાં ચકચાર જગાવનાર આંગડિયા પેઢીના ૪૭ લાખ રૂપિયા ની ચોરી ના કેસમાં આરોપી ની નિયમિત જામીન અરજી નામંજૂર કરતી સેસનશ કોર્ટ.

ગોધરા ખાતે આંગડિયા પેઢીમાં તેમના નોકર અને અન્ય વ્યક્તિઓએ ભેગા મળીને ૪૭ લાખ રૂપિયાની ચોરી કરી હતી. જે બાબતની ફરિયાદ ગોધરા ટાઉન પોલીસ સ્ટેશન બી ડીવીઝનમાં નોંધાતા પોલીસે ગણતરીના કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો અને આરોપી ઓ તથા ૪૫ લાખ કરતાં વધુનો મુદ્દામાલ પણ કબજે કરી લેવામાં આવ્યો હતો. જે કામે આરોપી નરેન્દ્ર પ્રવિણભાઈ સોની રહેવાસી મોડાસા નાઓએ જામીન મુક્ત થવા માટે પંચમહાલ જિલ્લાના મહેરબાન મુખ્ય સેસનસ જજ જે.સી. દોશી ની કોર્ટમાં નિયમિત જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજીની સુનાવણી થતાં જીલ્લા સરકારી વકીલ રાકેશ એસ ઠાકોરની વિગતવારની દલીલો તથા પોલીસ તપાસ ના કાગળોને ધ્યાનમાં રાખીને નામદાર કોર્ટ દ્વારા આરોપીની નિયમિત જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ખરાદી ઐયુબ અબ્દુલસત્તાર
તરફથી અભીનંદન....
મુ. દરૂણીયા,
તા. ગોધરા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
જરગાલ મો.રફીક અ.રહીમ
તરફથી અભીનંદન....
મુ. સાંપા,
તા. ગોધરા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પટેલ રમેશચંદ્ર અંબાલાલ
તરફથી અભીનંદન....
મુ. ઘનોલ,
તા. ગોધરા,
જી. પંચમહાલ

# શહેરા અણીયાદની ૧૪ વર્ષીય સગીરાએ ઝેરી દવા પી જતાં મોત

શહેરા,
શહેરા અણીયાદ ગામના લક્ષ્મણપૂરા ફળિયામાં રહેતી ૧૪ વર્ષીય સગીરાએ કોઈ કારણસર ઝેરી દવા ગટગટાવી લેતા મોત નીપજ્યું હતુ. જયારે પોલીસ સમક્ષ મૃતકના પરીવારજનોએ એક છોકરો મોબાઈલ પર ફોન કરીને હેરાન કરતો હોવાથી છોકરીએ આપઘાત કરેલ હોય તેવા આક્ષેપ સાથે રજુઆત કરી છે.

શહેરા તાલુકાના અણીયાદ ગામના લક્ષ્મણપૂરા ફળિયામાં રહેતી ૧૪ વર્ષીય સગીરાએ કોઈ કારણસર પોતાનું જીવન ટૂંકાવી દેવા માટે ઝેરી દવા પીતા તેની તબિયત લથડી હતી. જેથી કિશોરી એ તેના દાદાને બૂમ પાડતા તેના દાદા તેની પાસે પહોંચી જઈને તેનો જીવ બચાવવા માટે નજીકના દવાખાના ખાતે લઈ જતા ત્યાં હાજર ડોક્ટર દ્વારા તપાસ કરતા મરણ ગયેલ હોવાનું પરિવારજનોને જણાવ્યું હતુ. મૃતકના પરિવારજનો દ્વારા આ બનેલા બનાવની જાણ પોલીસને કરતા પોલીસ એ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. પોલીસ સમક્ષ મૃતકના પરીવારજનો દ્વારા મરણ ગયેલ સગીરાને એક છોકરો મોબાઈલ પર ફોન કરીને હેરાન કરતો હોવાથી આપઘાત કરેલ હોય તેવો આક્ષેપ કરવામા આવ્યો હતો. જયારે પરીવારજનો દ્વારા મૃતકનો મોબાઈલ પોલીસ ને આપવા સાથે જરૂરી તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી. એક નાનકડા ગામની એક પરીવારની લાડકી દીકરી એ કયા કારણોસર આવું પગલું ભર્યું હશે તેવા અનેક સવાલો જયારે લોકોમાં ચર્ચાનો મૂર્દો બની જવા પામ્યો હોય ત્યારે પોલીસ દ્વારા આ બાબતે ઝીણવટ ભરી તપાસ કરવામાં આવેતો ખરી હકીકત બહાર આવી શકે તેમ છે.